# ૫ સપ્ટેમ્બર –૨૦૧૬ (સોમવાર)

**(૧) શિક્ષક દિન :**

– ભારતના બીજા રાષ્ટ્રપતિ અને મોર્ડન ઇન્ડિયાના શિક્ષક એવા ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નની યાદમાં ભારત સરકાર વર્ષ ૧૯૬૨ થી આ દિવસ મનાવે છે.

– વર્ષ ૧૯૫૪માં ભારત સરકાર દ્વારા તેમને 'ભારતરત્ન' એવોર્ડથી સન્માનિત કરાયા હતાં.

– વિશ્વ શિક્ષક દિવસ ૫ ઓક્ટોબરના રોજ મનાવાય છે.

**(૨) ગણેશ ચતુર્થી :**

– ગુજરાતી માસ પ્રમાણે ગણેશ ચોથ ભાદરવા સુદ ચોથના દિવસે ઉજવાય છે.

– આ દિવસે લોકો ભગવાન શ્રી ગણેશની મૂર્તિની ઘરમાં સ્થાપના કરે છે અને ભાદરવા સુદ ચૌદસના ધામધૂમથી વિસર્જન કરે છે.

**(૩) ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) ની ઓફિસ ગાંધીનગરમાં**

– ગુજરાત સરકાર માટે ક્લાસ વન–ટુ ઓફિસરોની ભરતી કરી આપતા જીપીએસસીની ઓફિસ ગાંધીનગરમાં શરૂ કરાઇ

– અમદાવાદના લાલ દરવાજા વિસ્તારમાં કાર્યરત જીપીએસસીને ગાંધીનગર સચિવાલયની બાજુમાં ઓફિસ ફાળવાઇ છે.

– આ બિલ્ડીંગનું નામ 'કર્મયોગી ભવન' રાખવામાં આવ્યું છે.

– મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ઓફિસનું ઉદ્ઘાટન કરતા જણાવાયું હતું કે આગામી સમયમાં દર બે વર્ષ ક્લાસ–૧, ૨ ની પરિક્ષા લેવાશે.

**(૪) અભિનવ બિન્દ્રા : શૂટિંગ**

– ભારતના ઓલિમ્પિક ગોલ્ડમેડલ ચેમ્પિયન અભિનવ બિન્દ્રાએ સત્તાવાર રીતે શુટીંગમાંથી નિવૃત્તી લીધી

– બિન્દ્રા ભારતના એકમાત્ર વ્યક્તિગત ઓલિમ્પિક ગોલ્ડમેડલ વિજેતા ખેલાડી છે.

પ્રશ્નો :

(૧) વિશ્વ શિક્ષક દિન ક્યારે મનાવાય છે ?

– ૫ ઓક્ટોબર

(૨) ક્યાં મહાનુભાવની યાદમાં ભારત સરકાર શિક્ષક દિન ઉજવે છે ?

– ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્ણનન

(૩) ભારતમાં શિક્ષક દિવસ ક્યારે ઉજવાય છે ?

– ૫ સપ્ટેમ્બર

(૪) ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નને ભારત સરકારે કયા વર્ષે ભારતરત્નથી સન્માનીત કર્યા હતા ?

– ૧૯૫૪

(૫) ગુજરાતી માસ શહેરમાં જીપીએસસીની ઓફીસ શરૂ કરાઈ ?

– ગાંધીનગર

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧